| GJAR030019892025 | | દાખલ તારીખ | ૧૧/૦૯/૨૦૨૫ |
|---|---|---|---|
| | | રજી.લીધા તારીખ | ૧૧/૦૯/૨૦૨૫ |
| | સત્યમેવ જયતે | ફેસંલ તારીખ | ૩૦/૦૩/૨૦૨૬ |
| | | કુલ્લ અવધી | વર્ષ–માસ–દિવસ<br>૦૦ – ૦૬ – ૧૯ |

## મે. ભિલોડાના એડીશનલ સીવીલ જજ અને જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ.....

**રેગ્યુલર સીવીલ સ્યુટ નં.૨૪/૨૦૨૫**
**આંક : – ૨૪**

**અરજદાર :–**

(૧) કાન્તાબેન વા/ઓ હરજીભાઈ પુજાભાઈ ફનાત ઉ.આ.વ.–૫૩, ધર્મે–હિન્દુ આદિવાસી, ધંધો–ઘરકામ

(૨) નયનાબેન વા/ઓ હરજીભાઈ પુજાભાઈ ફનાત ઉ.આ.વ.–૪૭, ધર્મે–હિન્દુ આદિવાસી, ધંધો–ઘરકામ બન્ને રહે.ભટેળા, તા. ભિલોડા, જિ.અરવલ્લી

**વિરૂધ્ધ**

**સામાવાળા:–**

(૧) વેસ્ટર્ન રેલ્વે,ડિવીજન ઓફિસ અમદાવાદ,

**બાબત :–** ગુજરનાર સ્વ.હરજીભાઈ પુજાભાઈ ફનાત નાઓ રેલ્વે ખાતામાં ખલાસી તરીકે ફરજાવતા હતા જેઓની પત્ર ક્રમાંક નં. ઈ૭૮૯/એચપી /ડીસી / ૧૧ /૨૦૨૦/એનપીએસ. હેઠળ ડીસીઆરજી, જીઆઈએસ, લીવ ની કુલ રકમ રૂા.૫,૬૮,૪૬૧/– ની કુલ જમા રકમ ઉપાડવા અંગે વારસા સર્ટિફીકેટ મેળવવાની અરજી.

(૧) અમો અરજદારોની આપ નામદાર કોર્ટને માનસર નમ્ર અરજ કે, અમો અરજદારો ઉપરોકત નામ સરનામેના કાયમી વતની છીએ અને અમો અમારા પરીવાર સાથે રહીએ છીએ. અમો અરજદારોના પતિ ગુજરનાર સ્વ.હરજીભાઈ પુજાભાઈ ફનાત નાઓ ગઈ તા.૨૫/૧૧/૨૦૨૦ ના રોજ કુદરતી બિમારીના કારણે અવસાન પામેલ છે.

(૨) અમો અરજદારો ના પતિ સ્વ.હરજીભાઈ પુજાભાઈ ફનાત નાઓ રેલ્વે ખાતામાં એકસ ખલાસી તરીકે ફરજ બજાવતા હતા જેઓ ચાલુ ફરજ દરમીયાન ગુજરી ગયેલ છે જેઓને વેસ્ટર્ન રેલ્વે ખાતાના લેટર નં. ઈ૭૮૯ / એચપી / ડીસી /૧૧ /૨૦૨૦/એનપીએસ દ્વારા ડીવીઝન ઓફિસ અમદાવાદ દ્વારા તા.૨૮/૦૮/૨૦૨૫ ના રોજ તેઓની ડીસીઆરજી ની રકમ રૂા. ૩,૪૯,૬૮૦/– તેમજ જીઆઈએસ. ની રકપ રૂા. ૩૩,૨૬૨/– અને રજા પગાર ની રકમ રૂા.૧,૮૫, ૫૧૯/– આમ કુલ રકમ રૂા.૫,૬૮,૪૬૧/– અમો અરજદારોને ચુકવવા માટે લેટર આપેલ જેમાં અમો અરજદારો સદર રકમ ચુકવવાનુ જણાવેલ છે સદર રકમ મેળવવા સારૂ અમારે વારસા સર્ટિફીકેટ મેળવવા માટે સદરહુ અરજી દાખલ કરવાની જરૂરીયાત પડેલ છે.

(૩) આ અગાઉ અમો અરજદારોએ ખાતાકીય અમો ગુજરનાર સ્વ. હરજીભાઈ પુજાભાઈ ફનાતના બન્ને પત્ની હોઈ જેઓને સીધીલીટીના વારસદાર તરીકે

બન્ને પત્નીઓ હોવાનુ વારસા સર્ટિફીકેટ માગેલ જેમાં અમો અરજદારોએ વારસા પ. અ. નં.૮/૨૦૨૨ થી વારસા સર્ટિફીકેટ મેળવવા માટેની અરજ ગુજારેલ જે નામદાર કોર્ટે અમો અરજદારની અરજી મંજુર કરેલ અને તા.૧૧/૧૧/૨૦૨૨ ના રોજ હુકમ ફરમાવેલ જે અરજીમાં અમોએ સીધીલીટીના વારસદાર તરીકે અમો બન્ને પત્ની હોવાનુ સર્ટિફીકેટ ફકત માગેલ જે અનુસંધાને સદર અરજી ગુજારેલી.

(૪) અમો અરજદારોના પતિ સ્વ. હરજીભાઈ પુજાભાઈ ફનાત નાઓ રેલ્વે ખાતામાં ખલાસી તરીકે ફરજ બજાવતા હતા જેઓની રેલ્વે ખાતા ધ્વારા ડીસીઆરજી ની રકમ રૂા.૩,૪૯,૬૮૦/-, જીઆઈએસ ની રકમ રૂા.૩૩,૨૬૨/- તેમજ લીવની રકમ રૂા.૧,૮૫,૫૧૯/- આમ કુલ રકમ રૂા.૫,૬૮,૪૬૧/- ની રકમ અંગે અમોએ રેલ્વે ખાતામાં મેળવવા માટે અરજ ગુજારેલ જેમાં સદર રકમ મેળવવા માટે વારસા સર્ટિફીકેટ રજુ કરવાનુ જણાવતાં અમોએ હાલની સદર અરજી દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે.

(૫) અમો અરજદારો ના પેઢીનામા મુજબ સીધીલીટીના વારસદારોમાં (૧)ફનાત કાન્તાબેન હરજીભાઈ (૨) ફનાત દીપાબેન હરજીભાઈ (૩) ફનાત રીનાબેન હરજીભાઈ (૪) ફનાત અંકુરકુમાર હરજીભાઈ (૫) ફનાત નયનાબેન હરજીભાઈ (૬)ફનાત સોનલબેન હરજીભાઈ (૭) ફનાત અંજલીબેન હરજીભાઈ (૮) ફનાત પ્રિન્સકુમાર હરજીભાઈ નાઓ છે. જે અંગેનુ મામલતદારશ્રીનુ વારસાઈ પ્રમાણપત્ર આ સાથે રજુ કરીએ છીએ અને અમો અરજદારોની તરફેણમાં અમો અરજદારોની તરફેણમાં નંબર (૨), (૩), (૪), (૬), (૭) અને (૮) નાઓ વારસદારોમાંથી પોતાની હકક જતો કરેલ તેમાં મળવાપાત્ર રકમ રૂા.૫,૬૮,૪૬૧/- અંગે હકક જતો કરેલ તે અંગેનુ સોગંદનામુ રૂા.૧૦૦/- સ્ટેમ્પ પેપર ઉપર નોટરી રૂબરૂ કરવામાં આવેલ છે જે અમો રજુ કરીએ છીએ.

(૬) અમો અરજદારો સદર રકમ મેળવવા સારૂ આપ નામદાર કોર્ટમાં થતો કોર્ટ ફી સ્ટેમ્પ શીડયુઅલ મુજબ ભરવા માટે અમો તૈયાર છીએ.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | વેસ્ટર્ન રેલ્વે ખાતાનો લેટર | ૧૧ |
| ૦૨ | વારસાઈ પ્રમાણ પત્ર | ૧૨ |
| ૦૩ | વારસદારો હક્ક જતો કરવા અંગેનું સોગંદનામું | ૧૩ |
| ૦૪ | વારસા પરચુરણ અરજી નં. ૦૮/૨૦૨૨ ની નકલ | ૧૬ |
| ૦૫ | ફનાત કાંતાબેન હરજીભાઈનું આધાર કાર્ડ ની નકલ | ૧૪ |
| ૦૬ | ફનાત નયનાબેન હરજીભાઈનું આધાર કાર્ડ ની નકલ | ૧૫ |
| ૦૭ | નીનામાં દીપાબેન કાંતિભાઈ નું આધાર કાર્ડ | ૧૭ |
| ૦૮ | રીનાબેન રાજુભાઈ બોદરનું આધાર કાર્ડ | ૧૮ |
| ૦૯ | ફનાત સોનલબેન હરજીભાઈનું આધાર કાર્ડ | ૧૯ |
| ૧૦ | ફનાત અંકુરકુમાર હરજીભાઈનું આધાર કાર્ડ | ૨૦ |
| ૧૧ | ફનાત અંજલિબેન હરજીભાઈનું આધાર કાર્ડ | ૨૧ |
| ૧૨ | ફનાત પ્રિન્સકુમાર હરજીભાઈનું આધાર કાર્ડ | ૨૨ |
| ૧૩ | પેન્શન અન્વયે રેલ્વે ટ્રીબ્યુનલમાં દાદ માગવા પુર્સીસ | ૦૭ |
| ૧૪ | પેન્શન સિવાયની ચૂકવા પાત્ર રકમ અંગે પુર્સીસ | ૦૮ |
| ૧૫ | રૂ.૫૬૮૪૬૧/- નું સકશેસન સર્ટી, ઇસ્યુ કરવા પુર્સીસ | ૦૯ |
| ૧૬ | રૂ.૪૨૬૩૫/- નું ઈ-કોર્ટ ફી, સર્ટીફીકેટ | ૨૩ |
| ૧૭ | સા.વા જવાબ રજુ કરવા માગતાના હોઈ તે અંગે પુર્સીસ | ૧૦ |

(૭) સબબ દાદ માગવાની કે, **(અ)** અમો અરજદારોના પતિ સ્વ. હરજીભાઈ પુજાભાઈ ફનાત નાઓ રેલ્વે ખાતામાં ખલાસી તરીકે ફરજ બજાવતા હતા જેઓની રેલ્વે ખાતા દ્વારા ડીસીઆરજી ની રકમ રૂા.૩,૪૯,૬૮૦/-,

જી. આઈ. એસ ની રકમ રૂા.૩૩,૨૬૨/– તેમજ લીવની રકમ રૂા.૧,૮૫,૫૧૯/– આમ કુલ રકમ રૂા.૫,૬૮,૪૬૧/– પુરા મેળવવા સારૂ અમારે વારસાઈ સર્ટિફીકેટની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે.

(૮) આ સાથે વકીલાતપત્ર, રેલ્વે ખાતાને આપેલ લેટરની નકલ, પેઢીનામાની નકલ, રૂા. ૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર લખાણ સોગંદનામુ આ સાથે રજુ કરેલ છે.

(૯) ઉપરોક્ત અરજીના કામે અત્રેની કોર્ટ દ્વારા સામાવાળા રેલ્વે ઓથોરીટીને ધોરણ સર સમન્સ/નોટીસ ઇસ્યુ કરવામાં આવેલ હોઈ, જે નોટીસના કામે રેલ્વે મનજરશ્રી વેસ્ટર્ન રેલ્વે, અમદાવાદ. દ્વારા, તેઓના વી.વકીલશ્રી દ્વારા, કોર્ટ સમક્ષ હાજર થઇ અને, કોઈ જવાબ રજુ કરલે નથી. પરંતુ, નામદાર કોર્ટ સક્સેશન સર્ટીફીકેટ ઇસ્યુ કરે તેઓ વેસ્ટર્ન રેલ્વેને કોઈ વાંધો તકરાર ના હોવાનું મૌખિક રીતે જાહેર કરલે છે.

(૧૦) ઉપરોક્ત અરજી અને બન્ને પક્ષકારોની રેકર્ડ પર દલીલો સાથે પ્લીડિંગસ અને રજુ દસ્તાવેજી આધાર પુરાવા લક્ષે લેતા, નીચે મુજબના મુદા નિર્ણય કરવાના થાય છે.

**મુદા : –**

**(૧)** શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ સ્વ. હરજીભાઈ પૂજાભાઈ ફનાતના પત્ની અને કાયદેસરના સીધી લીટીના વારસો છે?

**(૨)** શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ રૂ.૫,૬૮,૪૬૧/– નું વારસા સર્ટીફીકેટ મેળવવા હક્કદાર છે?

**(૩)** શું હુકમ ?

(૧૧) ઉપરોક્ત મુદા પરત્વેનો અત્રેની કોર્ટના નિર્ણય માટેના જવાબ નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

**(૧૨) ઉપરોક્ત અરજીના કામે, બન્ને પક્ષકારોના વી.વકીલશ્રીઓની દલીલો સાંભળી...**

**(૧૩) અરજીના મુદા નં. ૧ અને ૨ ના નિણર્ય માટેના કારણો નીચે મુજબ છે.**

સદર કામે રજુ થયેલ આધારો અને અરજીની હકીકતો ધ્યાને લેતા તથા વેસ્ટર્ન રેલ્વેના અધિકારી તથા તેઓના વી.વકીલશ્રી તરફે આંક : ૦૯ અને આંક : ૧૦ થી રજુ થયેલ પુર્સીસ તથા અરજદાર તરફે આંક : ૧૧ થી આંક : ૨૩ સુંધીના આધારો લક્ષે લેતા તથા બન્ને અરજદારો મર્હુમ, હીરજીભાઈ પુંજાભાઈ ફનાત ના પત્ની હોઈ અને અત્રેની કોર્ટમાં અગાઉ વારસા પરચુરણ અરજી નં. ૦૮/૨૦૨૨ થી અરજી દાખલ કરેલ હોઈ જે જે તા.૧૧/૧૧/૨૦૨૨ ના રોજ ફેસલ કરવામાં આવેલ છે, જે અરજીનો આંક : ૧૬ થી હુકમ રજુ કરલે હોઈ તે હુકમ ધ્યાને લેતા, અત્રેની કોર્ટના પુરોગામી ન્યાયાધીશશ્રી દ્ધારા મેરીટ પર કરેલ હુકમ ધ્યાને લેતા બન્ને અરજદારો દ્ધાર અગાઉ કરેલ વારસા પરચુરણ અરજી ન્યાયના હિતમાં મજુર કરવામાં આવેલ હતી અને, મર્હુમ, હરજીભાઈ પુંજાભાઈ ફનાત ની બન્ને પત્નીઓ **(૧)** કાંતાબેન વા/ઓ, હરજીભાઈ ફનાત તથા **(૨)** નયનાબેન વા/ઓ, હરજીભાઈ ફનાત ના નામ નું વારસા સર્ટીફીકેટ ગુજરનાર હરજીભાઈ પંજાભાઈ ફનાત ના નામે આવેલ પેન્શન માટે

વારસા સર્ટીફીકેટ ઈસ્યુ કરવાનો હુકમ કરલે હતો, ઉપરોક્ત હકીકત ધ્યાને લેતા, હાલની અરજી બન્ને અરજદારો દ્વારા રેકર્ડ પર રજુ થયેલ આંક : ૧૧ વાળા વેસ્ટર્ન રેલ્વે ડીવીઝન ઓફીસ અમદાવાદ ના પત્ર નં. E/789/HP/DC/11/2020/NPS, Date : 28/08/2025 ના પત્ર હાલની અરજીની બન્ને અરજદારોને સંબોધીને લખવામાં આવેલ હોઈ અને તેમાં, વિષય અને સંદર્ભ તરીકે, Sub : Pension Case of Late Shri, Harjibhai Punjabhai Fanat – Ex. Khlasi (CHG) – under SSE (ELECT) P – MSH, Expired on 25/11/2020. Ref : EX.EMP's Two widow wifes application on 26/08/2025 વાળા સંદર્ભ પત્રમાં એવી હકીકત જાહેર કરેલ છે કે, In reference to the above, as per available office record following settlement dues are admissible to the legal heir of Late, Shri, Harjibhai Fanat S/o, Punjabhai Fanat, Ex. Khlasi (CHG) – under SSE (ELECT) P – MSH, Expired on 25/11/2020. નીચે મુજબનો લાભ ચુકવવા પાત્ર હોઈ જેમાં, DCRG : 349680 /–, GIS : 33262/–, LEAVE : 185519/–, E.F.PENSION : 11750/– + D.A. as admissibla. ચુકવવા પાત્ર હોવાનું અને, તે તમમાં રકમ, The amount shown as above is approximately calculated on the basis of the record available to this office and it may very at the time of final payment. લેટરના આધારે હાલની અરજી દાખલ કરલે છે. વધુમાં, બન્ને પક્ષકારો દ્વારા સંયુક્ત રીતે હાલની અરજી દાખલ કરલે છે અને તેઓને વેસ્ટર્ન રેલ્વે દ્વારા ચુકવવા પાત્ર થતી રકમ અંગે વારસા સર્ટીફીકેટ અંગે કોર્ટ ફી પણ ચૂકવી આપેલ છે. અને હાલની અરજી માત્ર રૂ.૫,૬૮,૪૬૧/– ની રકમ પુરતું વારસા સર્ટિફીકેટ ઇસ્યુ કરવા પૂરતી દાદ માગેલ છે અને અન્ય વારસદારો એ, ઉપરોક્ત બન્ને અરજદારોની તરફેણમાં આંક : ૧૩ થી ઉપરોક્ત રકમ પૂરતી તેઓનો હક્ક જતો કરલે છે, જયારે બન્ને અરજદારો

પેન્શન બાબતે વેસ્ટર્ન રેલ્વેના ટ્રીબ્યુનલ સમક્ષ અરજી કરવા ની પુર્શીસ થી જાહેરાત કરેલ છે. જેથી ઉપરોક્ત સમગ્ર રેકર્ડ પર ની હકીકતો અને પુરાવાને લક્ષે લેતા, સાથે સામાવાળા તરફે કોઈ તકરાર ના હોઈ જેથી ન્યાયના હિતમાં મુદા નં. ૧ અને ૨, નો જવાબ હકારમાં ઠરાવી મુદા નં. ૩ અન્વયે નીચે મુજબનો ન્યાયના હિતમાં હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) અરજદારની અરજી આથી ન્યાયના હિતમાં મંજુર કરવામાં આવે છે. **મર્હુમ, હરજીભાઈ પૂજાભાઈ ફનાત,** ના કાયદેસરના સીધી લીટીના વારસ તરીકે બન્ને અરજદારો તેઓની ધર્મે પત્નીઓ હોઈ તે બન્ને અરજદારો **(૧) કાંતાબેન વા/ઓ, હરજીભાઈ ફનાત તથા (૨) નયનાબેન વા/ઓ, હરજીભાઈ ફનાત,** ના નામ જોગ નું રકમ રૂ.૫,૬૮,૪૬૧/- ની રકમ પુરતું સક્સેસન સર્ટીફીકેટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સ્કસેશન સર્ટીફીકેટ ઈસ્યુ કરતા પહેલા અરજદાર તરફે ભરેલ કોર્ટ ફી, નાઝર કમ રજીસ્ટ્રારશ્રી એ રૂ.૪૨,૬૩૫/- નું ઈ-કોર્ટ ફી, સર્ટીફીકેટ વેરીફાઈ કરી ત્યાર બાદ, સક્સેશન સર્ટીફીકેટ (વારસા સર્ટીફીકેટ) બન્ને અરજદારોના નામ જોગનું ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૩૦, માહે : માર્ચ, સને-૨૦૨૬ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખઃ ૩૦/૦૩/૨૦૨૬.** **(આનંદ એ. દવે)**
**મુકામઃ ભિલોડા.** **એડી.સિવિલ જજ, ભિલોડા.**
**જી.જે. ૦૧૪૪૨**